વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

કૂર્મચક્ર

કૂર્મનો સાધારણ અર્થ કાચબો છે. કાચબો જેમ પોતાના અંગોને સમેટી લે છે તેમ તેનું સ્વરૂપ પૃથ્વીના ગોળાર્ધની આકૃતિ જેવું દેખાય છે. વૈદિક સાહિત્યમાં પૃથ્વીને પુષ્કરપર્ણ અર્થે અર્થાત, જલમાં તરતો પિંડ કહેલો છે. કૂર્મ શબ્દની અહિં સંદર્ભિત દૃષ્ટાંત છે. સંસ્કૃત ભાષામાં ક-જલ અને ઉર્મિ-ગતિ, લહેર અર્થ થાય છે. આથી અહિ કૂર્મનો અર્થ જલમાં તરતો પિંડ યા પૃથ્વી. વેદોમાં સમસ્ત સૃષ્ટિને કાસપી યા કૂર્મોત્પન પણ જણાવેલ છે.

કૂર્મચર્કમાં કૂર્મરૂપી જનાર્દન, યા પ્રજાપતિનું શિર યા મુખ હંમેશા પર્વ દિશામાં રહે છે. આ બાબત પ્રાચીન ગ્રંથ જ્યોતિષ તત્વમાં જણાવેલ છે. સમસ્ત ભૂમંડળને નવ ભાગમાં, વહેંચીને વર્ણન કરેલ છે. પ્રત્યેક ભાગમાં ત્રણ ત્રણ નક્ષત્રો, તે સ્થાપિત કરેલ છે જેનું વિવરણ નીચે મુજબ છે.

(૧) નાભિ યા મધ્ય ભાગ (૨) પૂર્વ (૩) અગ્નિ કોણ (૪) દક્ષિણ (૫) દક્ષિણ-પશ્ચિમ. યા નૈઋત્ય (૬) પશ્ચિમ (૭) પશ્ચિમ-ઉત્તરમાં વાયવ્ય (૮) ઉત્તર (૯) ઉત્તર-પૂર્વ યા ઈશાન.

નક્ષત્ર સમુહ અંગે જોઈએ તો,

(૧) નાભિ (મધ્ય) :- કૃતિકા, રોહિણી, મૃગશિર્ષ
(૨) પૂર્વ-મસ્તક :- આદ્રા, પુન, પુષ્ય
(૩) આગ્નનેય :- આશ્લેષા, મઘા, પૂફા
(૪) દક્ષિણ(પાર્શ્વ) :- ઉ.ફા. હસ્ત, ચિત્રા
(૫) નૈઋત્ય :- સ્વાતિ, વિશાખા, અનુરાધા
(૬) પશ્ચિમ(પૂંછ) જ્યેષ્ઠ, મૂલ, પુ.ષા.
(૭) વાયવ્ય :- ઉ.ષા. શ્રવણ, ધનિષ્ઠા
(૮) ઉત્તર (કુક્ષિ) શતભિષા, પુ.ભા., ઉ.ભા.
(૯) ઈશાન :-રેવતી, અશ્વિની, ભરણી



પ્રાચીન ગ્રંથોમાં દેશનાં પ્રાચીન નામ જણાવેલ છે. આથી દિશાઓ અને પ્રાચીન નામને ઓળખવાં રહ્યાં. કૂર્મ ચક્રમાં ગ્રહોના વેધને પણ મહત્વ આપેલ છે. વેધનો અર્થ નિશાન લગાવવુ કૂર્મ ચંક્રમાં વેધ પૂર્વનો પશ્ચિમથી, ઉત્તરનો દક્ષિણથી, ઈશાનનો નૈઋત્યથી અગ્નિખુણાનો વાયવ્યના નક્ષત્રોથી વેધ થાય છે અને મધ્યનો આમને સામને થાય છે.

જે જે દિશાઓમાં અધિક પાપગ્રહ હોય તે પ્રમાણે ફળ સમજવુ. જેમાં શનિ અને મંગળને ભિષણ સંહારક ગણેલ છે. આ ગ્રહોના દિશા ખૂણા પ્રમાણેના દેશોમાં ઉપદ્રવ, યુદ્ધ, વિનાશ કુદરતી ઉત્પાતો, અશાંતિ, ભય, રાજકીય બાબતો, રાજકીય ઉથલપાથલ વિગેરે. બનાવોને મહત્વ આપેલ છે. ગ્રહોના દૃષ્ટિઓનો વક્રી, અસ્ત, પાપગ્રહ સાથેના યોગાનું પણ મહત્વ છે.

રાજાઓનું પ્રાચીનકાળમાં રાષ્ટ્રમાં રાજાઓનું મહત્વ હતુ. હાલમાં નેતા, મુખ્ય નેતાનું મહત્વ છે. જે અંગેના નક્ષત્ર ફળનું પણ ઉલ્લેખ છે. જેમાં જે દેશ અને રાજાના નામથી, ૧,૧૬,૧૮,૨૨,૨૬માં નક્ષત્રોમાં, પાપગ્રહ શનિ, મંગળ આવે તો ઉપદ્રવકારી બને છે. જેમાં ૧લુ અને ૨૬મુ નક્ષત્ર ઘણુ ઘાતક ગણાય છે.

ફળાદેશમાં રાશિ અનુસાર પણ ફળ જણાવેલ છે. જેમાં

મધ્ય :- મેષ, વૃષભ, મિથુન
અગ્નિ :- કર્ક, સિંહ
નૈઋત્ય :- તુલા, વૃશ્ચિક
વાયવ્ય :- ધનુ, મકર, કુંભ
ઈશાન :- મીન, મેષ
પૂર્વ :- મિથુન, કર્ક
દક્ષિણ :- સિંહ, કન્યા, તુલા
પશ્ચિમ :- વૃશ્ચિક, ધનુ
ઉત્તર :- કુંભ, મીન

વિક્રમ સંવત ૨૦૧૭પમાં શનિ ગ્રહ
તા. ૨૭-૧૧-૨૦૧૮ થી કલાક ૧૮, મિનિટ ૧૧માં, પુ.ષા. નક્ષત્રમાં આવશે.

પૂર્વાષાઢ

કૂર્મ ચક્ર પ્રમાણે જયેષ્ઠ, મુલ અને પૂર્વાષાઢા નક્ષત્ર પશ્ચિમ દિશામાં સ્થિત છે. આથી પશ્ચિમ દિશાના હાલમાં રાજ્ય પ્રાચીન જ્યોતિષ પ્રમાણે શકદેશ, પાકિસ્તાનના પંજાબ વિ. દેશો તરફ ઉપદ્રવ વધે તેમજ પૂર્વના કાશી, કોશલ, અયોધ્યા, મિથિલા, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, આસામ, પશ્ચિમ બંગાળનો ઘણો ખરો ભાગ, આંધ્રના કેટલાક ભાગોમાં ઉપદ્રવી ઘટનાઓ, ઝંઝાવાત, ઉગ્ર આંદોલનો, નેષ્ઠ બનાવો બનવાની ઘટનાઓ જોવા મળે. આ ભાગો ઉત્પાતકારી રહે.

ધન રાશિ ગત શનિના ફળ વિશેષતાને જોતાં, શનિગ્રહના ફળોમાં મતમતાંતરો છે. શનિ જ્યારે ધનરાશિમાં હોય ત્યારે સાતદ્રિય, સાત સમુદ્ર અને સર્વ મુનિઓના વન, પૃથ્વી, વગેરે વાયુવડે પૂર્ણ થાય. બ્રાહ્મણો અભ્યાસમાં લીન થાય. મનુષ્યોને સુખ મળે, અને અનેક પ્રકારના તૃણ (ઘાસ)ની ઉત્પતિ થાય. ધાન્ય ઘણા પાકે. રસકલ, અધિક થાય. ધાન્ય ધાન્યાદિ થાય, મનુષ્યને સુખ મળે. મતાંતરે જોતાં શનિ ધન રાશિમાં હોય ત્યારે મેઘ ઘણી ગર્જના કરે પણ વરસાદ થાય નહિ અને પૃથ્વી જળ રહિત (જળ વિનાની) થવાથી દુર્ભિક્ષ સર્જાય. એકંદરે જોતા વિક્રમ સંવત ૨૦૭૫માં કોઈ ભાગમાં સારૂ તો કોઈ ભાગમાં નબળુ ફળ રહે. વરસાદ અનિયમિત રહે. પૂર્વના દેશો તેમજ પશ્ચિમ, દેશોમાં અનિષ્ઠકારી બનાવો બને. પૂર સંકટ તેમજ ચક્રવાતની ચલેય જણાય. આંદોલનો જોર પકડે. તોડફોડ અને ઉગ્ર બનાવો બને.

ગુરુ તા. ૧૧-૧૦-૨૦૧૮ના રોજ ગુરૂવારે કલાક ૧૯, ૧૮ મિનિટે ગુરુ વૃશ્ચિક રાશિમાં આવેલ છે. ગુરુ જ્યારે વૃશ્ચિક રાશિમાં હોય ત્યારે શોમ નામનો મેઘ, તથા કાર્તિક નામનો સંવત્સર ગણાય છે. તે વર્ષમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ધાન્ય થોડું પાકે, ભય રહે. ભાદ્ર પદ, આશ્વિન અને કારતક એ ત્રણ માસમાં મોંઘવારી રહે. સોનુ રૂપુ, તાંબુ, કાંસુ, તલ, તેલ, ઘી, નાળિયેળ, કપાસ, લસણ, ગોળ, સફેદ વસ્ત્ર મોંઘા થાય. મ્હેર છ લોકોમાં, કોઈ પ્રકારની પીડા થવાથી કોઈ મોટો ઉત્પાત થાય દેશમાં ઉપદ્રવી બનાવો અન્ય દૃષ્ટિ અને સ્ત્રીઓને દુ:ખ થાય. મારવાડ, નાગપુર માટે નબળુ ફળ ગણાય.

નવેમ્બર-૨૦૧૮ :- નવેમ્બર ૨૦૧૮ તા. ૮ થી ડિસેમ્બર તા. ૦૩ સુધીમાં કૂર્મચક્ર પ્રમાણેના યોગો જોતાં પાકિસ્તાનના સિંધ, બલુચિસ્તાનના ભાગોમાં અરાજકતા જણાય. આ ભાગોમાં પાકૃતિક ઉપદ્રવ પણ જોવા મળે. કચ્છના ભાગોમાં પણ ઘૂસણખોરીથી સાવચેત રહેવું ઘટે. ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ અવનવા બનાવો બને. કાશ્મિરના ભાગોમાં આતંકવાદી પ્રવૃત્તિ વધે, ચીની સીમાંત પ્રદેશમાં પણ અવનવું જોવા મળે. આ ચરણમાં દક્ષિણ પૂર્વીય તટીય ભાગોમાં વાવાઝોડા થવાની શક્યતાઓ પણ રહે.

દેશના ઉત્તરીય ભૂ. ભાગોમાં હવામાન કથળે. વાદળ-વાયુ જણાય તેમજ બર્ફીલા પહાડી પ્રદેશોમાં પણ વ્યુહરચનાને ધ્યાનમાં લેવી પડે. ઘૂષણખોરી વધવાના પ્રયાસો થાય. નેપાળમાં પણ અવનવા બનાવો બને. અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, સિક્કિમ વિ. ભૂ. ભાગોમાં અરાજકતા જોવા મળે. બર્ફીલા વિસ્તારમાં ભૂસ્ખલનના બનાવો બને. દેશના પૂર્વીય ભાગોમાં વાવાઝોડાની અસર જણાય.

ડિસેમ્બર-૨૦૧૮માં પાકિસ્તાન તેમજ અન્ય રાજ્યોમાં હરકતો ચાલે. આતંક બોંબકાંડ તેમજ યુદ્ધાદિ ઘટનાઓ જોવા મળે. પાકિસ્તાનમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ બને. યવન રાજ્યોમાં પણ યુદ્ધની ચેલછા વધે. દેશથી પશ્ચિમી રાષ્ટ્રો આકંદ બને.

જાન્યુઆરી-૨૦૧૯માં પાકિસ્તાન તેમજ કાશ્મિરના ભાગોમાં આતંક ઘૂષણખોરીથી સાવધ રહેવુ પડે. મુસ્લિમ રાષ્ટ્રોમાં અવનવા બનાવો બને. કુદરતી ઉત્પાતો પણ વધે.

જાન્યુઆરી-૨૦૧૯માં પાકિસ્તાન તેમજ કાશ્મિરના ભાગોમાં આતંક ઘૂસણખોરીથઈ સાવધ રહેવુ પડે. મુસ્લિમ રાષ્ટ્રોમાં અવનવા બનાવો બને.કુદરતી ઉત્પાતો પણ વધે.

જાન્યુઆરી તા. ૧૧, ૨૦૧૯ થી માર્ચ તા. ૧૮, ૨૦૧૯

દેશના વાયવ્ય, ઉત્તર તેમજ ઈશાનકોણમાં અનિચ્છનીય બનાવો બને. આતંક ઘુષણખોરી નાના પ્રકારના યુદ્ધાદિ બનાવો, મૂઠભેડ તેમજ હિંસાકીય બનાવોની સંભાવનાઓ રહે. હિમાચલના નીચેના ભાગો, ચંડીગઢ, પંજાબ વિ. ભાગોમાં ઉત્તર પ્રદેશ બિહાર વિ. ભાગોમાં હિંસાના બનાવો કે આંદોલનકારી બનાવો તેમજ તાળાબંધી અને ગમખ્વાર અકસ્માતોની સંભાવનાઓ રહે. પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા, કમોસમી વરસાદ તેમજ સીમાંત પ્રદેશોમાં ઘુસણખોરી કાશ્મિરમાં શસ્ત્ર આતંક અને સહહદી

વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ફળકથન લખતા પહેલાં ભગવાન શ્રી ગણેશ અને ભગવાન સૂર્યને વંદના કરતાં, ભવિષ્યકથન લખુ છુ.

ગજવદન વિભો, યદ્રર્ણિત વૈભવૃંતે
ત્વિહિ જનુષિ મમેત્યં ચારુ તદ્રશયાશુ ।
ત્વમસિ ચ કરૂણાયઃ સાગરઃ કૃ ત્સ્નદાતા
દયયિ તવ ભૂતેકો હં સર્વદા ચિન્તકોસ્મિ ॥

અર્થ :- હે હાથીના સમાન મુખવાળા, વ્યાપક પરમાત્મા તમારા જે વૈભવોનું વર્ણન થયેલું છે તે સઘળા વૈભવો મને તમે મારા આ જન્મમાં સારી રીતે અને જલદી બતાવો, હે પ્રભુ તમે દયાના ભંડાર છો તેમજ તમામ સિદ્ધિના આપનારા છો, હું હંમેશ તમારૂં જ ચિંતન કરનારો છું.

જયતિ જગતઃ પ્રસૂતિ વિશ્વાત્મા સહજ ભૂષનં નમસઃ ।
દ્રુત કનક સદ્રશ દશ શતમ પુરવમાલા વિર્ત : સવિતા ॥

જેમનાથી આ સર્વ જગતનું સર્જન થયું છે જેઓ નભો મંડળના અલંકરણરૂપ છે અને જેઓ વિશુદ્ધ સુવર્ણ સદ્રશ કિરણાવતિથી અર્ચના પામી રહ્યા છો એવા વિશ્વાત્મા સૂર્ય દેવનો જય હો.

વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ભવિષ્ય કથન સંકલન/લેખન
વિ. સંવત ૨૦૭૫નું શાકે ૧૯૪૦ મેદનીય ભવિષ્ય કથન, સંકલન/લેખન
- અંબારામ દા. પટેલ, ગાંધીનગર

સિનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર
૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર
સંસ્થાના સૌ સભ્યો, શુભેચ્છકો અને નગરજનોને દિવાળી-નૂતન વર્ષની શુભેચ્છા પાઠવે છે.
બી.ડી. શાહ, મંત્રી — એચ.બી. શાહ, પ્રમુખ
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર

PVC Happy Diwali — Wish you Happy Diwali and Prosperous New Year
Shri Ranchhodrai Traders
Suppliers of Kapchi, Grit, & Sand.
Distributors Ambuja Cement, Tata Tiscon Steel,
Mobile : 9825153550. | Email ID : pankajvijay_co@yahoo.co.in
TATA TISCON ATOOT JOD — Ambuja Cement
Niravbhai 93288 88712
JK Cement LTD.
Pankaj Vijay & Co.
Business Organizer
Plot No 908, Parth Building, Nr Petrol Pump, Sector-21, Gandhinagar-382021
Ph : 23230426, 23243952.MO.9909975985

નૂતન વર્ષના પ્રત્યેક દિન અમારા માનવંતા ગ્રાહકમિત્રો, સ્નેહીજનો અને શુભેચ્છકો માટે નવી આશા, અરમાન, સુખ અને સમૃદ્ધિથી છલકાતો રહે એવી શુભકામના સહ...
નૂતન વર્ષાભિનંદન
વિધિ પેટ્રોલિયમ
પ્લોટ નં. ૧૬૫૦, ઘ-૨ સર્કલ પાસે, અપના બજાર નજીક, સેક્ટર-૬, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૪૧૯૨૮
IndianOil — autogas EXPERIENCE THE ECO-DRIVE — XTRAPREMIUM HI-COTANEPETROL — SERVO

Happy New Year
કરણસિંહ બી. વાઘેલા
એડવોકેટ
ચેરમેનશ્રી : એક્ઝીક્યુટીવ, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત
સેનેટ સભ્ય : ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
પ્રમુખ : ગુજરાત રાજપૂત એડવોકેટ ફેડરેશન
પૂર્વ પ્રમુખ : શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર
આગામી સંવત-૨૦૭૫નું નવું વર્ષ સુખ, શાંતિ,સમૃદ્ધિ અને વૈભવથી તમામ માટે સુખાકારીના સંદેશ સાથે શરૂ થાય તેવી નવા વર્ષની લાખ લાખ શુભેચ્છાઓ...
કે. બી. વાઘેલા એન્ડ એસોસીએટ્સ
અમદાવાદ : ૨૦૫, આયના કોમ્પલેક્ષ, શેલ પેટ્રોલ પંપ પાસે, ૧૦૦ ફૂટ રીંગ રોડ, થલતેજ. ફોન : ૦૭૯-૨૯૭૦૧૮૧૪
ગાંધીનગર : ૬૦૨, શાલીન કોમ્પલેક્ષ, 'ચ' રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૩૩૬૪
Email : kbvaghelaassociates@gmail.com

Happy Diwali
દિવાળીની શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન...
દિવાળીના તહેવારો નિમિત્તે અમારી સેક્ટર-૭ અને સેક્ટર-૨૧ની દુકાનો તા. ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ નવેમ્બર (ગુરૂ, શુક્ર, શનિ, રવિ અને સોમ) એમ પાંચ દિવસ બંધ રહેશે. તા. ૧૩ નવેમ્બર-૨૦૧૮ મંગળવારે સવારના ૧૦ કલાકથી રાબેતા મુજબ ચાલુ રહેશે. આપના સાથ સહકારની અપેક્ષા સહ
Arihant
અરિહંત રેડીમેડ ગારમેન્ટ્સ
● સેક્ટર-૨૧ ● સેક્ટર-૭
શુભેચ્છા સહ : મોહકભાઈ જયેશભાઈ જયસુખલાલ જાટકીયા : ૯૯૭૪૦૪૧૩૬૮